॥ શ્રી મહાવીરાય નમઃ ॥ ॥ શ્રી વીતરાગાય નમઃ ॥ ॥ નમો નાણસ્સ ॥

# શ્રી બૃહદ્ મુંબઈ વર્ધમાન સ્થાનકવાસી જૈન મહાસંઘ

સંચાલિત : માતુશ્રી મણિબહેન મણશી ભીમશી છાડવા (સામખીયારીવાળા)
ધાર્મિક શિક્ષણ બોર્ડ આયોજિત વાર્ષિક પરીક્ષા જૈનશાળા/મહિલામંડળનું પેપર
તા. ૨૩-૦૮-૨૦૧૫ • સમયઃ બપોરે ૨ થી ૫ • શ્રેણી : ૬ • ગુણ : ૧૦૦

**(Dharmik Shikshan Board Certificate Course Level : 6)**

પ્ર. : ૧. અ) સૂત્ર વિભાગ : (૧૦)

(૧) શ્રાવક માટે શ્રમણ શબ્દ કયા આગમમાં કયા શબ્દ દ્વારા બતાવ્યો છે ?
(૨) નિદ્રામાં કયા પ્રકારના દોષ લાગી શકે છે ?
(૩) સંતોને નિર્દોષ ગોચરી વહેરાવવા માટે શ્રાવકે શું કાળજી લેવી જોઈએ ? (શ્રમણ સૂત્રના આધારે)
(૪) સૌથી મોટું મિથ્યાત્વ કયું ' સૌથી મોટું પાપ કયું ?
(૫) કાલ પ્રતિલેખના એટલે શું ?

બ) મૂળ પાઠ લખો : (૧૦)

(૧) સંથારાના પાઠમાં કેટલા બોલના પચ્ચક્ખાણ કરવામાં આવે છે ? તેમાં શરીરને જે ઉપમા આપવામાં આવી છે તેમાંથી છેલ્લા પાંચ શબ્દો લખો.
(૨) ઈત્થં ........... સવ્વ દુક્ખાણ મંતં કરંતિ
(૩) તેરસહિં........... સત્તરસવિહે
(૪) ચઉવ્વિહે ......... પાવકમ્મોવએસં
(૫) નિસીહિયાએ .......... કાયસંફાસં

ક) અર્થ લખો : (૫)

(૧) સંજુત્તાહિગરણે (૨) આમોસે (૩) બોહિલાભં (૪) ભંતે (૫) ન કિટ્ટિયં (૬) કક્કરાઈએ (૭)જંભાઈએ (૮) ઉભઓકાલં (૯) પરિભુતં (૧૦) પગામસિજ્જાએ.

ડ) મૂળ પાઠ લખો : (૫)

(૧) છપગી (૨) ઉતાવળથી લેવા વડે (૩) આકુળવ્યાકુળતાથી (૪) બે પ્રકારના બંધનથી
(૫) ઉદ્‌ગમના દોષ

પ્ર. : ૨. ટૂંકમાં જવાબ લખો : (૭)

(૧) ભગવાને સ્વમુખેથી કયા શ્રાવકના વખાણ કર્યા ? શા માટે ?
(૨) મનુષ્ય શ્રાવકની અવગહના કેટલી ?
(૩) તુંગિયા નગરીના શ્રાવકનું ટૂંકમાં વર્ણન કરો.
(૪) શ્રાવકપણાનું મહત્ત્વ બતાવો.
(૫) શ્રાવકોના ક્ષેત્ર કયા ? હંમેશા કયા ક્ષેત્રમાં શ્રાવક હોય છે ?
(૬) જીવને કયા બોલ મળવા દુર્લભ છે ?
(૭) શ્રાવક એટલે શું ? આગમમાં આવતા ૨ (બે) શ્રાવકના નામ લખો.

પ્ર. : ૩. નવ તત્ત્વના આધારે જવાબ લખો : (૩૫)

(૧) પાથડા અને આંતરા એટલે શું ? નરકાવાસા કેટલા છે ? ૩
(૨) નરકની વ્યાખ્યા તથા નામ લખો. ૩
(૩) મનુષ્યના ૩૦૩ ભેદની સમજણ આપતું કોષ્ટક બનાવો. ૫
(૪) કિલ્વિષિમાં કોણ ઉત્પન્ન થઈ શકે ? ૨ ભવનપતિદેવના, ૨ વાણવ્યંતરના દેવ, ૭મું અને ૧૧મું દેવલોકના નામ લખો. ૪
(૫) અજીવના કુલ ભેદ કેટલા ? તેમાં સ્પર્શના ભેદ કેટલા અને કયા કયા ? ૨
(૬) વજ્રઋષભનારાચ સંઘયણનો અર્થ સમજાવો. ૨
(૭) પુણ્ય અને પાપમાં દરેક કર્મની કેટલી પ્રકૃતિ છે, માત્ર સંખ્યા લખો. ૪
(૮) સામાયિક ચારિત્ર તથા લોકભાવના સમજાવો. ૨

(પાછળ જુઓ)

(૯) સંવર તત્વના કુલ ભેદ કેટલા ? તેના પેટાભેદ કેટલા ? માત્ર સંખ્યા લખો. ૨
(૧૦) નિર્જરા તત્વની વ્યાખ્યા લખો. બાહ્ય અને આભ્યંતર તપને શેની સાથે સરખાવ્યો છે? ૩
(૧૧) ક્રોધ, માન, માયા, લોભને જીતવા કયા સૂત્ર અપનાવવા જોઈએ ? ૨
(૧૨) યોગ્ય ધર્મની આચરણ કરવાની ભાવનાવાળા આત્માએ શું કરવું ? ૨
(૧૩) જીવના મોક્ષ જવાનાં કારણો કયા ? ૧

પ્ર. : ૪. (૧) કુલ આગમ કેટલા ? તેમાં કાલિક અને ઉત્કાલિક કેટલા ? માત્ર સંખ્યા લખો. ૨ (૮)
(૨) અંગ સૂત્રની રચના કોણે કરી તેની સંખ્યા લખો. ૨
(૩) આવશ્યક સૂત્ર વિશે સમજાવો. ૨
(૪) ભગવાન મહાવીર સ્વામીની અંતિમ દેશના કયા આગમમાં છે? છ આરાનું વર્ણન કયા આગમમાં છે ? ૧
(૫) નંદી સૂત્રમાં શેનું વર્ણન આવે છે ? તે આગમ કાલિક કે ઉત્કાલિક ? ૧

પ્ર. : ૫. કથા વિભાગ : (૧૦)
(૧) ભગવાનને શા માટે મેઘકુમારને પૂર્વભવનો વૃત્તાંત સમજાવવો પડ્યો ? તેનાથી તેના જીવનમાં શું પરિણામ આવ્યું ? ૩
(૨) મૃગાવતીના જે પુત્રને ગૌતમસ્વામી જોવા આવ્યા હતા તેનું તથા તેના સ્થાનનું વર્ણન કરો. ૩
(૩) દશાર્ણભદ્રરાજાએ શા માટે સંયમ લીધો ? સંયમી દર્શાર્ણભદ્રમુનિને ઇન્દ્રએ શું કહ્યું ? ૩
(૪) મેઘકુમારની કથા ......આગમમાં અને મૃગાપુત્રની કથા......આગમમાં આવે છે. ૧

પ્ર. : ૬. કાવ્ય વિભાગ : (૧૦)
(૧) બુધ્ધા વિનાપિ ................ સહસા ગ્રહીતુમ
(૨) અલ્પશ્રુતં ..................... નિકરૈકહેતુ
(૩) કાકંદિનો ....................... ધન્નો અણગાર
(૪) ધન્ય મરુદેવી .................. સિદ્ધ હોય

અથવા

(૧) પ્રભુ તું તો ...................... પાસ બેસાડી દે
(૨) વિતરાગ ......................... રંગ મને લાગ્યો છે
(૩) ફટેપુરાને ........................ તોડકે જી તોડકે
(૪) અનંત જીવોને ................. ભાગ્ય ઊંચા છે.

"જય જિનેન્દ્ર"